# વર્ષાઋતુમાં ગુજરાતી સાહિત્યના ગીતોનો વૈભવ વાગોળીએ

અત્યારે વરસાદનો માહોલ છે. વરસાદ મન મૂકીને દિલથી વરસે છે. વરસાદને રાજા કહે છે અને વર્ષાની ઋતુને વર્ષારાણી કહે છે. ત્યારે મનમાં એક પ્રશ્ન ઉદભવે છે કે, વરસતા વરસાદમાં કેટલાને મન અને ભાન ભૂલીને પલળવાનું, ભીંજાવવાનું અને નાચવાનું મન થાય છે? એક વિચાર એ પણ આવે છે કે, આજના કેટલા વાલી પોતાના બાળકને વરસાદમાં પલળવા કે રમવા જવાની છૂટ આપે છે? એ રીતે જોતાં આજે જેની ઉમર 40 વર્ષથી વધારે છે તેઓ નસીબદાર હતા કે તેમને આ રીતે તેમના માબાપે છૂટ આપી હતી અને તેમણે તે તક માણી હતી. પણ સાથે અફસોસ એ વાતનો પણ છે કે એ જ્યારે વાલી બની ગયા ત્યારે તેમણે માણેલી એ તક આજે પોતાના બાળકને અનુભવવા દેતા નથી. એટલું જ નહીં જાહેરમાં ચર્ચા પણ કરે કે, અમે નાનાં હતા ત્યારે વરસતા વરસાદમાં આમ કરતાં હતા ને તેમ કરતાં હતા. યાદ કરો તમે બાળક હતા ત્યારે વરસતા વરસાદમાં મહોલ્લાના બધાં બાળકો સાથે કેવું ન્હાતા હતાં? કાગળની હોડી જાતે બનાવીને પાણીમાં તરતી મૂકીને કેવો આનંદ લેતા હતાં? અને અત્યારે તો કદાચ હોડી બનાવવાનું પણ ભૂલી ગયા હશો!

વર્ષાઋતુ એ સૌની ઋતુ છે. પશુ,પંખી,મનુષ્ય,વનસ્પતિ સૌની મનગમતી અને જીવન જીવાડતી અને જીવન જીવવાની પ્રેરણા આપતી ઋતુ એટ્લે વર્ષાઋતુ. વર્ષાઋતુ એ બાળકની, યુવાનની અને વૃદ્ધ સૌની ઋતુ છે. વર્ષાઋતુ એ પ્રેમ, શૃંગાર અને ભક્તિની ઋતુ છે. ભક્તિ એ પણ પ્રેમ વ્યક્ત કરવાની એક રીત જ છે ને? માટે તો સૌથી વધારે કાવ્યો આ ઋતુ પર જ લખાયા છે. પણ આમાંથી કેટલા કાવ્યો આજના શિક્ષિતે વાંચ્યા છે? કેટલાં કાવ્યો વર્ગખંડમાં શિક્ષકે શીખવ્યા છે? કેટલા કાવ્યો વાલીએ પોતાના બાળકને સંભળાવ્યા છે? માટે જ આજે વાત કરવી છે, વર્ષાઋતુના કાવ્યોની. એ પણ ગુજરાતીમાં જ રચાયેલા કાવ્યો કે ગીતોની. જેથી ખ્યાલ આવશે કે, વર્ષાઋતુ પર રચાયેલા ગીતોનો કેટલો મોટો વૈભવ આપણી પાસે છે, છતાં આપણે કોરાધાકોર છીએ!

ગુજરાતીમાં વર્ષાઋતુના ગીતોની વાત કરતાં પહેલા, વર્ષાઋતુ પર રચાયેલ મહાકાવ્યને યાદ કરી શબ્દાંજલી ન આપીએ તો આપણે નગુણા કહેવાયીએ. વર્ષાઋતુ પરનું કાવ્ય નહીં, પણ મહાકાવ્ય છે-મેઘદૂત, જેની રચના કવિવર કાલીદાસે કરી હતી. આ કાવ્યમાં ઉજ્જેનના રાજા કુબેરે તેમના સેવક યક્ષ (કાલ્પનિક પાત્ર)ને સજારૂપે એકવર્ષ કેદની સજા કરેલી. યક્ષ ઉજ્જેનથી દૂર ગોદાવરી નદીના કિનારે આવેલ રામગીરી આશ્રમમાં હતો. ત્યાંથી નવોનવો પરણેલો યક્ષ પોતાની પત્નીને ખૂબ જ યાદ કરતો હતો, વિરહ અનુભવતો હતો. ત્યારે પોતાના મનની વ્યથાને મેઘ(વરસાદ) સાથે સંદેશારૂપે પોતાની પત્નીને પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. આમ મેઘ એ દૂત બને છે, માટે આ મહાકાવ્યનું નામ 'મેઘદૂત' છે. જેમાં યક્ષ દ્વારા મેઘને આપેલી સલાહ, પ્રકૃતિ, નગર અને યક્ષની પત્ની વગેરેનું વર્ણન અદભૂત રીતે કરેલ છે. જે સૌએ માણવા જેવુ છે. આ કાવ્યમાં મેઘ(વરસાદ)ની પ્રિયતમાની ઉપમા કવિ કાલીદાસે કોને આપી હશે તે કલ્પના સૌ વાચકો કરે. જેનો જવાબ આ લેખમાં અંતે આપવામાં આવેલ છે.

હવે વાત કરીએ ગુજરાતીમાં રચાયેલા વર્ષાઋતુના ગીતો-કાવ્યોની. ગુજરાતીમાં વર્ષાઋતુ પર કદાચ તમામ સ્વરૂપોમાં કાવ્યો જોવા મળે છે. જેમકે, હાલરડાં, બાળકાવ્યો, ભજન, ગઝલ, છંદ, ઊર્મિગીતો વગેરે. આ ગીતોનો ખજાનો તમે યુ ટ્યુબ કે ટહુકો ડોટ કોમ પરથી માણી શકશો. અહી કેટલાક ઉદાહરણ આપણે માણીએ.

નરસિંહ મહેતાની રચનાઓ ' મેહુલો ગાજેને માધવ નાચે અને વા વાયાને વાદળ ઉમટ્યા.' બાળકાવ્યોમાં રચાયું ત્યારથી આજ સુધી સતત ગવાતું કાવ્ય એટ્લે ' આવ રે વરસાદ, ઢેબરિયો પરસાદ..'. તો વળી આજે ક્યાંક ક્યાંક શાળામાં અભિનયગીત તરીકે ગવડાવવામાં આવતાં ગીતોમાં, 1. વરસાદ આવે રમઝમ, વાદળી ચાલે ઝમઝમ 2. તારે મેહુલિયા કરવા તોફાન, અમારા લોકોના જાય છે જાન 3. વર્ષા આવી, વર્ષા આવી, ગરમી હટાવી ઠંડક

લાવી 4. આવો મેઘા રાજા વગડાવો વાજા જેવા અનેક વર્ષાઋતુના બાળકાવ્યો છે. તો હાલરડાં પણ છે જેમકે, 'મેહુલિયા રે તમે ધીરા ધીરા વાજો'. વર્ષાઋતુ પરની ગઝલની વાત કરીએ તો 1. હવે પહેલો વરસાદ, બીજો વરસાદ અને છેલ્લો વરસાદ એવું કઈ નહીં 2. રાત વસાદી હતી 3. સાવ અચાનક મુસળધારે 4. આજ ભીંજાવું શું છે જાણ્યું, વર્ષાએ કરી કમાલ 5. આખું ચોમાસું તેં મોકલ્યું ટપાલમાં 6. ચોમાસું ક્યાંક આસપાસ છે 7. તને વહાલો વરસાદ કે હું ? જેવી અનેક ગઝલો ગુજરાતી સાહિત્યમાં છે.

વર્ષાઋતુનો જુદા જ પ્રકારનો વૈભવ આપણને ઉર્મિકાવ્યોમાં વિશેષ જોવા મળે છે. જેમાં વિરહ છે, પ્રેમ  છે, એકરાર છે. જ્યાં બે નહીં પણ એક થવાની કે હોવાની વાત છે.  જ્યાં ક્યાંક નિર્ભયતા તો ક્યાંક શરમ-સંકોચ સાથે ઊભરતી લાગણી અને માગણી છે. વર્ષના ઊર્મિ ગીતોમાં પ્રેમ અને શૃંગાર વધુ જોવા મળે છે. એમાં વરસતા વરસાદ વખતની કે વરસી રહ્યા પછીની પ્રકૃતિનું વર્ણન પણ જોવા મળે છે. ભાઈ-બહેનના પ્રેમને વ્યક્ત કરતાં વર્ષાઋતુના કાવ્યો પણ છે. જેમકે,  આણું લેવા સાસરિયાં પોતાને ઘેર આવીને બેઠા છે. ત્યારે ખરીદી કરવા નીકળતા પોતાના ભાઈને શિખામણ આપતી બહેનની લાગણી વ્યક્ત કતું સૌ ગુજરાતીના કંઠે વસેલું ગીત એટ્લે 'વાદલડી વરસી રે સરોવર છલી વળ્યાં' તો વળી બીજા એક ગીતમાં ભાઈની આતુરતાથી રાહ જોતી બેનડી કહે છે, 'વરસે વરસે અષાઢી દેવ રે મેઘ, ........જવ તલ કોણ હોમશે.' વર્ષાઋતુને આધાર બનાવીને આવા ઘણા ગીતોમાં ઉર્મિ સાથે સમાજવ્યવસ્થાની પણ વાત છે. જેમકે, 'આ વાયરાના તોફાને આવેલા વરસાદે ઉબંરની મર્યાદા તોડી.' તો વળી શૃંગાર રસ પિરસતા કાવ્યોમાં સૌના હૈયે અને હોઠે વસેલું ગીત એટ્લે 'આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે...'  આ ઉપરાંત ગુજરાતી સાહિત્યમાં વર્ષાઋતુને આધાર બનાવી દિલની ઊર્મિઓને વ્યક્ત કરતાં અનેક ગીતો છે. જેમકે, 1. સાજન ધીરે ધીરે સાવન આયો રે 2. શ્રાવણિયો વરસ્યોને હું તો પલળી ગઈ 3. વાદળને ઓઢીને આવો શ્યામ તમે, વીજળીના ચમકારા આપજો 4. હું તો મત વાળી વાદલ રે, મને ઝંખે છે શ્રાવણ રે 5. એવો રે વરસાદ ક્યાંથી લાવવો 6. એકલ દોકલ વરસાદે કેવી ભીંજાતી હું 7. મને ચોમાસું થવાનાં કોડ 8. વાદળી વરસીને ચાલી ગઈ.

સોસિયલ મિડિયા પર પણ વરસાદને લગતા એસ.એમ.એસ. વાઇરલ થાય છે. જેમકે, તું વરસે તો મન મૂકીને વરસજે, કોઈ તને કંઇ નહીં કહે.  રસ્તાના ખાડા તો અમે પૂરી દઇશું, પણ પેટના ખાડા તારા સિવાય કોઈ નહીં પૂરે. ઉપરાંત આની એકએસ્મ.એમ.એસ. કે કોઈ રંગ હોતો નથી, વરસાદના પાણીનો. પણ જ્યારે વરસે છે ત્યારે આખી દુનિયાને રંગીન બનાવે છે.  તો વળી સોસિયલ મિડિયાના શબ્દો પકડીને પણ રચનાઓ થઈ છે. જેમકે, વોટસઅપને છોડ અને ફેસબુકને મૂક હવે તડકે, ભીંજવા ચાલ ચોમાસું હાથમાંથી સરકે. તો વળી બીજી એક રચના છે – વાદળ, વીજળી, મેઘધનુષ ઓનલાઈન થયા છે..... વાદળે સ્ટેટસ મૂક્યું....અને લાઈક્સનો વરસાદ થવા માંડ્યો. આમ ગુજરાતી સાહિત્ય વર્ષાઋતુ આધારિત ગીતોના વૈભવથી ભરપૂર ભરેલું છે. સંસ્કૃત અને હિન્દી સાહિત્ય ઉપરાંત ફિલ્મોમાં પણ વર્ષાઋતુ આધારિત અનેક રચનાઓ છે. લતાજી અને સુરેશ વાડકરે ગાયેલ ગીતને યાદ કરીએ. ' મેઘા રે મેઘા, મત પરદેશ જા રે, આજ તું પ્રેમ કા સંદેશ બરસા રે.' અગાઉ  પૂછેલ પ્રશ્ન કે, કાલીદાસે મેઘની પ્રિયતમાની ઉપમા કોને આપી હશે. તો જવાબ છે – વીજળી.